**Capital World Pg 5, 9th April 2022**

# ક્રિપ્ટો કરન્સીમાં મિશ્ર માહોલ જોવા મળ્યો, બિટકોઈનમાં એક ટકાનો ઘટાડો

**કેપિટલ સંવાદદાતા તા.૮**

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૦.૧૭ ટકાનો સુધારો

ક્રીપ્ટોકરન્સી માર્કેટને પાછલા બે દિવસોમાં લાગેલા ઘસારા બાદ શુક્રવારે સાધારણ વૃદ્ધિ જોવા મળી હતી.

શુક્રવારે અમેરિકન શેરબજાર વધીને ખૂલવાનો સંકેત છે. ઈક્વિટી અને ક્રીપ્ટોકરન્સી એ બન્ને એસેટ ક્લાસનાં ફંડામેન્ટલ્સની તુલનાએ વધુ તીવ્ર ઘટાડા આવ્યા હોવાનું રોકાણકારોને સમજાયું છે.

ક્રીપ્ટોકરન્સી માર્કેટની વાત કરીએ તો, ઓનચેઈન એનાલિટિકલ આંકડાઓ દર્શાવે છે કે પાછલા ૧૨ કલાકમાં તમામ ક્રીપ્ટોકરન્સી એક્સચેન્જ મળીને ૬૦ ટકા કરતાં વધારે શોર્ટ પોઝિશનનું લિક્વિડેશન થયું હતું. બિટકોઈનમાં તેનું પ્રમાણ લગભગ ૭૦ ટકા રહ્યું હતું.

શુક્રવારે સાંજ સુધીમાં બિટકોઈન લગભગ ૧ ટકો ઘટીને ૪૩,૩૦૦ ડોલરના ભાવની નજીક પહોંચ્યો હતો. બીજા ક્રમાંકની ક્રીપ્ટોકરન્સી - ઈથેરિયમમાં ૨ ટકા વૃદ્ધિ સાથે ભાવ ૩,૩૦૦ની સપાટીએ પહોંચ્યો હતો. ટોચના વધેલા ઓલ્ટરનેટિવ કોઈનમાં અવાલાંશ નેટિવ કોઈન લગભગ ૫ ટકા વધ્યો હતો. ટેરા ફાઉન્ડેશને પોતાના સ્ટેબલકોઈનના અનામત જથ્થામાં ૧૦૦ મિલ્યન ડોલર મૂલ્યના અવાલાંશ કોઈન ઉમેરવાનું જાહેર કર્યા બાદ ઉક્ત વૃદ્ધિ થઈ હતી.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ શુક્રવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૧૬ ટકા (૧૨૫ પોઈન્ટ) વધીને ૬૪૮૪૪ પોઈન્ટ બંધ રહ્યો હતો.